જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૦/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૫૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૧૬ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૬,૯૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૫૧૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૧૨/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ ધ્રુવ સ/ઓ રાકેશ પટેલ (ઉ.વ.૨૪) (રહે. અવધપુરી સોસાયટી ગેલેક્ષી સીનેમા પાછળ નરોડા) એ તા.૨૫/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૬ થી તા.૨૧/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વોટ્સએપ નંબર +૬૬૯૯૬૩૬૫૮૪૫, +૪૪૭૪૭૯૪૨૬૬૪૬ ના ધારકોએ ધ્રુવ પટેલનો સંપર્ક કરી Amazon પ્રોડક્ટ રેન્કિંગના ટાસ્ક પૂર્ણ કરી નાણાં કમાવવાની લાલચ આપી ઓનલાઈન માધ્યમથી IY0M નામના WhatsApp ગ્રુપમાં જોડી શરૂઆતમાં ટાસ્ક પૂર્ણ કરવાના બદલામાં નાની–નાની રકમ મોકલી આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ વિવિધ લિંક મોકલી ધ્રુવ પટેલને Telegram તથા WhatsApp ગ્રુપમાં જોડી ખોટા ઓનલાઈન પોર્ટલ મારફતે ટાસ્ક પૂર્ણ કરવાના બહાને નફાની ખોટી લાલચ આપી શરૂઆતમાં ટાસ્ક પૂર્ણ કરાવી અમુક રકમ ઉપાડવાની મંજૂરી આપી હતી. ત્યારબાદ નાણાં ઉપાડવાના બહાને અલગ–અલગ પ્રોસિજર, ટેક્સ, ઇન્સ્યોરન્સ તથા અન્ય ચાર્જિસના નામે ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૯,૬૬,૩૦૨/– ભરાવડાવી રૂપિયા પરત નહી આપી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.બી.બરવાડીયા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૫૧૩/૨૦૨૬**

ચાંદખેડાઃ વિજયકુમાર કરશનભાઈ સેનવા (ઉ.વ.૪૨) (રહે. પ્રજ ટેનામેન્ટ આઈ.ટી.આઈ. સામે ચાંદખેડા) નાઓ તા.૨૫/૧૦/૨૦૨૬ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદકુમાર પરસોતમભાઈ ચલાવે છે.

છઠ્ઠા માળથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૫૧૪/૨૦૨૬**

નરોડાઃ નરોડા નાના ચિલોડા ન્યુ શાહીબાગ બસંરી સર્કલની બાજુમાં પરીશ્રમ નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા શૈલેષ ભુરા ડામોર (ઉ.વ.૨૬) (મુળ વતન.ગામ–મસ્કા કલા તા–સઙ્કનગઢ જી–બાંસવાડા રાજસ્થાન) નાઓ તા.૨૫/૧૦/૨૦૨૬ કલાક ૦૯/૩૦ વાગ્યાના સુમારે પરીશ્રમ નવી બનતી સાઇટ સી બ્લોકના છઠ્ઠા માળે કામ કરતા હતા ત્યારે સમતુલન ગુમાવતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેન્દ્રસિંહ રજવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી